J4T5T3

# મૂલ્યાંકન નિર્દેશ

**1** (અ) આપેલાં બે ચિત્રોમાં શું જુદું છે તે ‘છતાં’, ‘અને’, ‘પણ’ શબ્દોનો ઉપયોગ કરીને કહો. ચિત્રમાં દેખાતી વ્યક્તિઓ/પ્રાણી/પક્ષીઓનાં તમને ગમે તેવાં નામ પાડો.

ચિત્ર-1



ચિત્ર-2



(બ) ચિત્ર-1ના ચિત્રોમાં શું જુદું છે તે ‘અથવા’, ‘તેથી’, ‘કારણ કે’ શબ્દોનો ઉપયોગ કરીને કહો. ચિત્રમાં દેખાતી વ્યક્તિઓ/પ્રાણી/પક્ષીઓનાં તમને ગમે તેવાં નામ પાડો.

**2** (અ) પ્રશ્ન-1(અ)નાં ચિત્રો પરથી પ્રશ્નોના જવાબ આપો.

1. ચિત્ર (1 અને 2) કઈ જગ્યાનું હશે? તમને કઈ રીતે ખબર પડી?
2. ચિત્ર 2માં રાજાની બાજુમાં ઊભેલી વ્યક્તિનો રાજા સાથે શું સંબંધ હશે?
3. ચિત્ર 2માં એક વ્યક્તિ દોરીથી બાંધેલો છે? તેને કેમ બાંધ્યો હશે?
4. ચિત્ર 1માંનો માણસ શું કામ કરતો હશે? તમને કઈ રીતે ખબર પડી?
5. બંને ચિત્રોમાં કયાં કયાં સાધન છે? સાધન પરથી કઈ વાતની ખબર પડે?
6. ચિત્રમાં જે સાધન છે તે પરથી તે વાત કયા સમયની છે તે કહી શકો? એવું તમે કઈ રીતે નક્કી કર્યું?

(બ) પ્રશ્ન-1(બ)નાં ચિત્રો માટે તમે લખેલા ફકરાને શીર્ષક આપો અથવા આ ચિત્રો કઈ વાર્તાનાં છે તે જણાવો.

**3** અહીં એક વાર્તા અને કવિતાનાં વાક્યો ભેળસેળ થઈ ગયાં છે. તેમને છૂટાં પાડો અને તે કઈ વાર્તા કે કવિતાનાં છે તે લખો.

છોકરાઓ કાચ અને તડકા વડે રમવા લાગ્યા. દીકરી અને પાડોશી ત્યાં દોડી આવ્યા. ફોન કરીને મદદ માગી એટલે મદદ કરવા માણસો આવ્યા. ત્યાં જ એક બિલાડીએ રંગમાં ભંગ પાડ્યો. મોટેરાંએ ત્યાં ધસી ગયાં અને બંનેને મેથીપાક આપ્યો. ઘરમાં તડકો ઘૂસ્યો ને ઘરનાં વડીલ ગભરાયા. વારાફરતી એકબીજાને ફિલ્મ બતાવતા હતા. કોઈ ઉપાય ન મળ્યો એટલે બહારથી મદદ માંગવાનું નક્કી કર્યું.

**4** સાચા વાક્યની સામે ‘સાચું’ અને ખોટા વાક્યની સામે ‘ગપ્પું’ લખો. અને સાચા વાક્યનું ગપ્પું અને ગપ્પાનું સાચું વાક્ય બનાવો.

1. દરેક બાળકને ફિયોનાની જેમ પોતાના ઘરમાં ખૂબ જ મજા આવે છે.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

2. નર રીંછ પોતાનાં બચ્ચાંને ખૂબ સાચવે છે.
3. છોકરો ચંદ્રને જોવા એક ઊંડી ખીણમાં ગયો.
4. વાંદરો એક એવું પ્રાણી છે જેને એક જગ્યાએ બેસી રહેવું ગમે.
5. મહાસાગર તો પેન્સિલ ડૂબી જાય એવો છીછરો હોય છે.
6. છજુકાકા અને કાકી ખૂબ ભણેલાં ગણેલાં હતાં.
7. મંદિર બને એ ડુંગરને તો ગમ્યું પણ રવિને જરાય ન ગમ્યું.
8. લક્ષ્મણ જેવો ભાઈ હોય તો ન કોઈનો ડર લાગે કે ન કોઈ વાતે દુઃખ રહે.
9. મોરબીથી બે બહેનો રિવરફ્રન્ટ પર હોડી હરીફાઈમાં વિજેતાઓને ઈનામ આપવા આવ્યાં હતાં.
10. નાનું અમથું પતંગિયું મરી જવાનું પરિણામ ખૂબ જ ભયંકર આવ્યું.
11. આખરે તડકો માછલી પકડવાની જાળ વડે પકડાયો.
12. બકરી અને ભેંસને વરસાદ બહુ ન ગમે.

**5 આપેલા વાક્યખંડનો ઉપયોગ કરી વાક્ય લંબાવો. આ વાક્યખંડ તમારા વાક્યની શરૂઆતમાં વચ્ચે કે અંતે આવી શકે.**

1. વરસાદ આવ્યો.
2. મેં એક દોરડું લીધું. (લાંબું)
3. છજુકાકા ગયા.
4. પ્રશ્નનો જવાબ લખો.
5. દિગ્વિજય બેઠો.
6. ચાલ, નહિતર બસ ચૂકાઈ જશે.
7. અનમોલે આકાશમાં જોયું.
8. બીનાએ મોબાઈલ ખરીદ્યો.

**6 આપેલા શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

**ઉદાહરણ :** આશિષ - શ્રીમંત : આશિષનો જન્મ શ્રીમંત કુટુંબમાં થયો હતો.

1. પાકીટમાર - સેરવી જવું
2. ડિટેક્ટિવ - રિવરફ્રન્ટ
3. ભિલ્લુ - ધનુષ
4. પહેલવાન - મસમોટું
5. અનુજ - પરાક્રમી
6. કેમેરા - બેકાર
7. વનવાસ - ભયંકર
8. તુચ્છકાર - સન્નાટો

**7 ઘટના/ક્રિયાને યોગ્ય ક્રમમાં ગોઠવી વાક્ય આગળ યોગ્ય ક્રમાંક લખો.**

- _____ પેન્સિલની અને પરિકરની અણી એક સપાટીએ રહે તેમ ગોઠવો.
  _____ કાગળ પર પરિકર ગોઠવો.
  _____ પરિકરમાં પેન્સિલ ભરાવો.
  _____ પરિકરના બંને ભાગ છૂટા કરો.
  __1__ પરિકર કાઢો.
  _____ જરા પણ અટક્યા વગર પરિકર ગોળ ફેરવી દો.
  _____ માપપટ્ટીના શૂન્ય પાસે પરિકરની અણી ગોઠવો.
  _____ માપપટ્ટીના 5 સે.મી. આગળ પેન્સિલની અણી ગોઠવો.

 મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- _____ માપપટ્ટીના 0 સે.મી. આગળ પેન્સિલ વડે ટપકું કરો.

  _____ માપપટ્ટીના 4 સે.મી. આગળ પેન્સિલ વડે ટપકું કરો.

  _____ માપપટ્ટી સીધી જ મુકાઈ છે કે કેમ તે તપાસો.

  _____ માપપટ્ટીને કાગળ પર મૂકો.

  _____ માપપટ્ટી સીધી લીટીમાં ન હોય તો તેને કાગળની ધાર સાથે સરખાવી બરાબર ગોઠવો.

  __1__ કંપાસમાંથી માપપટ્ટી અને પેન્સિલ લો.

  _____ ચાર સે.મી.નો રેખાખંડ દોરાઈ જશે.

  _____ માપપટ્ટીની ધારે ધારે પેન્સિલની અણી રાખીને હળવા હાથે બંને ટપકાં જોડો.

- _____ સમીર અને નીલમનો સંગાથ કર્યો.

  __1__ સમયપત્રક પ્રમાણે દફતરમાં પુસ્તકો તપાસી લીધાં.

  _____ નીલમના ઘરેથી આગળ ચાલ્યા.

  _____ ચંપલ પહેર્યાં.

  _____ નિશાળે પહોંચ્યા.

  _____ મોટું ફળિયું પાર કર્યું.

  _____ ઘરનું બારણું ખોલ્યું.

- _____ માળીએ બકરીને જોરથી લાકડી મારી.

  _____ છજુકાકાની બકરી શેઠના બગીચામાં પેસી.

  __1__ શેઠના બગીચામાં લીલું ઘાસ જોઈ બકરી લલચાઈ.

  _____ માળી બકરીને બહાર કાઢવા લાગ્યો.

  _____ બકરી બગીચામાંથી નીકળી નહીં.

  _____ બકરી ત્યાં ને ત્યાં મરી ગઈ.

  _____ બકરી લીલું ઘાસ ચરવા લાગી.

**8** **વાંચો અને પ્રશ્નોના જવાબ આપો.**

પરમ દહાડે બપોરે હું તેની સાથે ખૂબ રમ્યો. પણ જતી વખતે મેં એને કહ્યું કે આવતીકાલે સવારે તો મારે નિશાળે જવાનું છે, માટે તું બપોરે આવે તો આપણે ખૂબ રમીએ. પણ એ લુચ્ચો તો સવારે જ આવ્યો. ભલે, એ જો સવારે વહેલો આવ્યો હોત તો બહાનું કાઢીને નિશાળે તો ન જાત! પણ એનો વિચાર તો મને ખાસ પજવવાનો હતો એટલે વહેલો આવે જ શાનો? અમે લગભગ નિશાળે પહોંચવા આવ્યા ત્યારે રસ્તામાં જ મળ્યો અને બોલ્યો, ‘‘ચાલો રમવા’’ એ તે કેમ બને?

**પ્રશ્નો :**

1. બાળક વરસાદ સાથે ક્યારે રમ્યો હતો?

   (અ) ગઈકાલે (બ) ગઈકાલ પહેલાંનો દિવસ

   (ક) આવતીકાલે (ડ) આવતીકાલ પછીનો દિવસ

2. બાળક વરસાદને ‘લુચ્ચો’ કેમ કહે છે?

   (અ) દરરોજ વરસે માટે (બ) લેખક બોલાવે ત્યારે વરસે માટે

   (ક) બપોરે આવે માટે (ડ) લેખકના સમયે વરસે નહિ માટે



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

3. આ ફકરો કયા પાઠનો છે?

4. વરસાદ બાળકને રમવા ક્યારે બોલાવે છે?

5. બાળકને વરસાદ સાથે ક્યારે રમવું હતું?

6. વરસાદ બાળકને રમવા શું કહે છે?

7. બાળકને વરસાદ સાથે બપોરે કેમ રમવું હતું?

8. વરસાદ બાળકને કેવી રીતે હેરાન કરે છે?

9. બાળકને વરસાદની લુચ્ચાઈ ક્યાં ક્યાં લાગે છે?

**9** **આ ચિત્ર જુઓ. તેના આધારે આઠ-દસ વાક્યોમાં વાર્તા લખો.**



**વાર્તામાં ફિયોના, પર્લ, આયા, દાદા શબ્દો વાપરી શકશો નહિ. તમે વાંચેલી વાર્તા કરતાં જુદી વાર્તા લખો.**

**10** **કૌંસમાં આપેલા શબ્દનો ઉપયોગ કરી સંવાદ પૂરો કરો.**

**(અ) (તેની, અમે, તે, મારી, અમારા, તમારી, પોતાના, તેમની, હું, તેને, મેં, તેણે)**

મારા કાકાની દીકરી વૅકેશનમાં ______ ઘરે રહેવા આવી હતી. ______ પહેલાં કોઈ દિવસ શહેર જોયું નહોતું. ______ તેને શૉપિંગ મૉલ જોવા લઈ ગયાં. આટલી બધી વસ્તુઓ એક જ જગ્યાએ મળી શકે એ જોઈને ______ બહુ નવાઈ લાગેલી. ______ જાતજાતનાં કપડાં જોવામાં તલ્લીન હતી. કપડાં પસંદ કરવામાં ______ તેને મદદ કરવા ગઈ, પણ ______ પસંદગીનાં કપડાં જોયાં પછી તો ______ જ તેની મદદ લેવાની શરૂ કરી દીધી. પપ્પા ______ માટે બૂટ ખરીદીને પાછા આવ્યા ત્યારે અમે બેય લાંબુંલચક બિલ બનાવડાવીને ______ રાહ જોતાં ઊભાં હતાં.

**(બ) (સંગાથ, વિસામો, અધમણ, રઘવાટ, આશ્ચર્ય, દહેશત, પરાક્રમ, બૂમ, વાટ, આફત, હાંફળીફાંફળી, મહાવરો)**

રમણકાકા તો ચાલવા માંડ્યા. તેમના થેલામાં ______ વજન હતું. થોડે આગળ જતાં તેમને સમજુકાકીની ______ સંભળાઈ. કાકાએ ઊભા રહી પાછળ જોયું. પાછળ દોડીને આવતાં કાકી કોઈ ______ માં હોય તેવાં લાગતાં હતાં. કાકાને થયું, 'કાકી પર એવી તે શું ______ આવી પડી છે? ક્યાંક કશું અનિચ્છનીય તો નથી થયું ને!' કાકાએ કહ્યું, ''જરા ______ ખા. પછી કહે કે આમ ______ થઈ કેમ દોડે છે?'' કાકી કહે, ''આરામ શું કરે? મારો ______ કર્યા વગર આમ અજાણ જગ્યાએ ચાલવા માંડો છો.''

**11** **વાક્ય કવિતાની કઈ પંક્તિ સૂચવે છે તે લખો.**

1. બિલાડીએ જેવી ઉંદરડી જોઈ કે તરત કૂદકો માર્યો.

2. મમ્મી પપ્પાએ ચંદુનો કાન આમળ્યો ને મને ધબ્બા લગાવ્યા.

 મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

3. ભીની માટીની મીઠી ગંધ રસ્તો બતાવશે.

4. તારાઓને લખોટી બનાવીને ચાંદો અને તું આખી રાત રમશો.

5. મોતી અને નીલમ જેવો કિંમતી પાક છે.

6. દેડકાએ કહ્યું, ''મારી તકલીફ કોને કહું?''

7. વરસાદની ઋતુ વહાલ છલકાવવાનો સંદેશો આપે.

8. મારા ઘરે મધની પુષ્કળ લૂમો છે તે નિરાંતે જમો.

9. સામે મળેલા સિંહ રાજાને ભગાડી મોટી મુશ્કેલી દૂર કરી.

10. સપનાના પગ પાણીમાં પગ બોળીને ઊભેલા બગલા જેવા છે.

**12 આપેલાં વાક્યોના મોટાભાગના શબ્દો જવાબ બને તેવા પ્રશ્નો બનાવો.**

- છેવટે પહેલવાને હાર સ્વીકારી.
- જેનિફરે શિક્ષકની નોકરી માટે અરજી કરી.
- ચોરે પાકિટમાંથી રૂપિયા તફડાવ્યા.
- હું રિક્ષામાં બેસી પાટણ ગયો.

**13 ફકરા પરથી પ્રશ્નો બનાવો.**

1. નંદિનીના મનમાં વારેઘડીએ એકના એક જ વિચાર આવતા હતા : પહેલાં બધું કેટલું સારું હતું! મમ્મી રોજ સવારે ઉઠાડતી, દૂધ અને ગરમાગરમ નાસ્તો આપતી. હું નાહી, ધોઈને થોડું ઘણું વાંચતી, લખતી. વળી જમી-પરવારીને નિશાળે જતી. નિશાળેથી આવીને વળી કંઈક ખાતી. રાત્રે પણ મમ્મી સ્વાદિષ્ટ રસોઈ બનાવતી. હું મમ્મીને કચરાં, પોતાં, વાસણ, કપડાં, કરવા લાગતી પણ મોટાભાગે તો ભણતી અને રમતી. મમ્મી સાજી નરવી હતી ત્યારે તો ઘરનું બધું કામ ચપટીકવારમાં થઈ જતું. હવે તો બધાં કામ મારે જ કરવાં પડે છે.

| સરળ પ્રશ્ન | વિચાર કરવો પડે તેવા પ્રશ્ન |
|---|---|
| • રોજ સવારે નંદિનીને <u>કોણ</u> ઉઠાડતું? | • ઘરનું કામ કરવામાં પહેલાં કેટલી વાર લાગતી? <u>કેમ?</u> |
| • | • |
| • | • |

2. હું અને ગોપાલ ગાડામાં ચડ્યા અને બળદ હાંકવા માંડ્યા. બળદોને ખબર પડી ગઈ કે ગાડામાં બાપુ કે કાકા નથી. તે તો મસ્તીએ ચડ્યા, જોશભેર દોડવા માંડ્યા. ગાડું ઊછળવા માંડ્યું અને સાથે સાથે અમે પણ. બળદોની રાશ અમારા હાથમાંથી છૂટી ગઈ. કોઈ ટામેટાં, દૂધી, બટાકાની જેમ અમે ગાડામાં અફળાવા માંડ્યા. ઘરેથી ખેતરે પહોંચતાં જે બળદોને દસ મિનિટ થતી તે બે મિનિટમાં જ પહોંચી ગયા. ખેતરમાં ઊભેલા કાકાને થયું કે 'આ શું વાવાઝોડું આવે છે!' તેમણે અમને ગાડામાં ઊછળતા જોયા ત્યારે તેમને વાત શી છે તે સમજાયું.

– કાકાસાહેબ કાલેલકર

| સરળ પ્રશ્ન | વિચાર કરવો પડે તેવા પ્રશ્ન |
|---|---|
| • બળદોને <u>કઈ વાતની</u> ખબર પડી ગઈ? | • ગાડું બાળકો હાંકી રહ્યાં છે તેની બળદોને <u>કઈ રીતે</u> ખબર પડી? |
| • | • |
| • | • |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**14** **પ્રશ્નોના જવાબ વિચારો. આખી વાતને મનમાં ગોઠવો. પછી દસથી બાર વાક્યોમાં લખો. લખ્યા પછી તમારા લખાણને તપાસો. તેને વધુ સારું કરવા શું કરશો? તે ફેરફાર કરી ફરીથી લખો.**

1. તમે ત્રણ દિવસ માટે ઘરમાં એકલાં છો. તમારે ઘરની બહાર જવાનું નથી, કોઈને બોલાવવાના નથી, કોઈ સાથે ફોન પર વાત કરવાની નથી. ઘરમાં ખાવા-પીવાનું પૂરતા પ્રમાણમાં છે. તો હવે ત્રણ દિવસ તમે શું કરશો? તેનું સમયપત્રક બનાવો.
2. તમારા મિત્રની ઘડિયાળ ખોવાઈ ગઈ છે. ઘણું બધું શોધ્યા પછી તે એવી જગ્યાએથી મળી જ્યાં ઘડિયાળ હોઈ શકે તેમ કોઈએ વિચાર્યું ન હતું. સામાન્ય રીતે ઘડિયાળ ક્યાં મૂકાઈ ગઈ હોય? ઘડિયાળ શોધવા માટે તમે કયા પ્રશ્નો પૂછ્યા? ઘડિયાળ જ્યાંથી મળી તે જગ્યાની ધારણા તમે કઈ રીતે કરી?
3. તમારે ફરવા જવું છે પણ તમારા પરિવારના કોઈ સભ્ય સાથે આવી શકે તેમ નથી. તમે કોની સાથે ફરવા જશો? કેમ? કઈ જગ્યાએ જશો? કેમ? ત્યાં જવા કઈ કઈ તૈયારી કરશો? ત્યાં જઈને શું કરશો?

**15** **આ વાત નીચેનામાંથી કોને લાગુ પડે છે?**

(નીંદર, તડકો, નર રીંછ, ચાડિયો, ડુંગર, અળસિયું, વરસાદ, છજુકાકાનો રાજા, દિગ્વિજય, ચંદુ)

1. તે તો દોસ્તી માટે કંઈ પણ કરે. ____________
2. તે પૈસાના જોરે કામ કરાવી લે. ____________
3. તેને પોતાનાં સંતાન પણ ન ગમે. ____________
4. તેને આંખોની દાબડીમાં ભરી દેવાય. ____________
5. તે છૂપા વેશે નગરમાં ફરવા નીકળે. ____________
6. તે વાલોળના વેલા સાથે ગોળ ગોળ ઘૂમરાય. ____________
7. તેને વાળ પૂછે કે, હું તારા શરીરે ક્યાં ઊગું? ____________
8. તે રમતાં પકડાઈ ગયો ત્યારે તેના કાન પકડાયા. ____________
9. તે ખોટા ખોટા ડોળા કાઢી પંખીઓને ડરાવે. ____________
10. તે બાળકને નિશાળે જતી વખતે ભીંજવી નાખે. ____________

**16** **નીચેની પંક્તિઓ પરથી પ્રશ્નોના જવાબ લખો.**

- શૂર્પણખા આવશે તો
  એમાં એનો વાંક,
  નાનો ભાઈ કાપી લેશે
  કટ્ટ કરીને નાક.

1. શૂર્પણખા કોણ હતી?
2. શૂર્પણખા આવે તો તેનો શો વાંક કહેવાય?
3. કોના નાના ભાઈએ શૂર્પણખાનું નાક કાપી લીધેલું?
4. ખામી કે દોષ માટે આ પંક્તિઓમાં કયો શબ્દ વપરાયો છે?
5. વાક્યમાં લીટી દોરેલા શબ્દોના સાચા અર્થ સામે ✓ કરો.
   રાજુએ વર્ગમાં કહી દીધું કે કાજુના પપ્પા બીડી પીએ છે. કાજુનું <u>નાક કપાઈ ગયું.</u>
   ● આબરૂ જવી ● છરીથી નાક કપાઈ જવું ● નાકથી લોહી નીકળવું



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- રાક્ષસોનો ભય નથી
  સાથે હનુમંતા,
  રાવણ મને કંઈ ન કરે
  મારે ક્યાં છે સીતા?

1. હનુમાન સાથે હોય તો રાક્ષસોની બીક કેમ ન લાગે?
2. રામ સાથે સીતાજી હતાં, તો રાવણે શું નુકસાન કરેલું?
3. પંક્તિમાં દાનવ કે અસુર માટે કયો શબ્દ વપરાયો છે?
4. સીતા, ગીતા એવા સાંભળવામાં સરખા લાગતા બીજા ચાર શબ્દો લખો.
5. પંક્તિમાં બીક માટે વપરાયેલા શબ્દનો ઉપયોગ કરી એક વાક્ય બનાવો.

---

- નીક મહીં ખળખળતા જળમાં
  સૂરજના અસ્તવ્યસ્ત ટુકડા તરતા રેલાય
  કાંટાળા બાવળમાંથી
  સૂરજનાં કિરણો જીર્ણશીર્ણ થઈ
  તિરાડ તૂટી ભોંય ઉપર ઠેલાય
  રંગરંગનાં પડ્યાં ગાબડાં સીમ મહીં
  ને સીમ તણા શેઢાઓ તો આ ખીલે રે
  ફૂલે રે ઝૂલે સવાર થઈને

1. સૂર્યનાં કિરણો બાવળના કાંટાથી કેવાં થઈ ગયાં?
2. વહેતા પાણી માટે પંક્તિઓમાં કયો શબ્દ વપરાયો છે?
3. સૂરજનાં કિરણોના ટુકડા શા કારણે થયા છે?
4. આ પંક્તિઓમાં જમીન માટે કયો શબ્દ વપરાયો છે?
5. અસ્તવ્યસ્ત શબ્દનો સાચો ઉપયોગ થયો હોય એવા વાક્ય સામે ✓ કરો.

- પોતાનાં વેરવિખેર થઈ ગયેલાં પુસ્તકો રાકેશ દર રવિવારે અસ્તવ્યસ્ત કરે છે.
- પૂજાનું કબાટ જરાય અસ્તવ્યસ્ત ન હોય. તેને પોતાની બધી વસ્તુઓ વ્યવસ્થિત ગોઠવેલી રાખવાની ટેવ છે.
- દોડતીદોડતી તે એક સાયકલ સાથે એવી અથડાઈ કે થેલામાં અસ્તવ્યસ્ત ગોઠવેલી વસ્તુઓ રસ્તા પર વ્યવસ્થિત પડી ગઈ.

**17 આપેલા મુદ્દાનો સમાવેશ થાય તે રીતે ટૂંકનોંધ લખો. હવે મોટેથી વાંચીને તે મોબાઈલ પર રેકોર્ડ કરી લો. જેથી વારંવાર સાંભળી, સંભળાવી શકો.**

1. ફિયોના : મોટા ઘરની છોકરી - રંગીન ફૂમતાંની સેર - સુંદર ઢીંગલી - સંભાળ - ઘરમાં કંટાળવું - છૂપી રીતે ભાગવું - દોસ્તી - તોફાનમસ્તી - ખુશખુશાલ - ઢસડાતું ઘરે જવું
2. ભોળા છજુકાકા : ઓછા પૈસે સુખી - બકરીનું મરી જવું - ન્યાય માટેના પ્રયત્નો - રાજાને કાકાનું ભોળપણ ગમવું - ન્યાય મળવો.
3. તરલિકા : પપ્પાનીયે જાણે દાદી - તડકો કાઢવા સાણસો મંગાવવો - લાયબંબાવાળાને ફોન કરવો - ગભરાવું નહીં - પોતાનાથી મોટાઓને સલાહ આપવી.

**18 રીત બતાવતો શબ્દ ઉમેરી વાક્ય બનાવો.**

**ઉદાહરણ :** આખલો - જોરથી - મારવું : આખલાએ જોરથી શિંગડું માર્યું.

- વિદ્યાર્થી - નિયમિત - જવું
- રોડ - સાચવીને - ચાલવું
- દાદા - ધીમેધીમે - બોલવું
- પતંગ - ઊંચે - ઊડાવવો
- છોકરાં - ઊંધું - લટકવું
- મહેશ - ઉતાવળું - બોલવું



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**19** ગણી શકાય અને માપી શકાય તેવી ચીજ વસ્તુઓ હોય તેવાં વાક્યો જુદાં પાડો.

| | | સંખ્યા કહી શકાય | માપ કહી શકાય |
|---|---|---|---|
| 1. | કુસુમે શીરો બનાવ્યો. | - | બે વાટકી |
| 2. | ચંદુ પાસે માપપટ્ટી છે. | | |
| 3. | રાજેશ મોટરગાડી ચલાવે છે. | | |
| 4. | પ્રભુદાન વાજાપેટી વગાડે છે. | | |
| 5. | મૂકેશ ગોળ ખાય છે. | | |
| 6. | ભીખુએ સોનું ખરીદ્યું. | | |
| 7. | હરીશે તાંસળું ભરીને દૂધ પીધું. | | |

**20** એક વસ્તુ દર્શાવતા શબ્દ પર / અને વસ્તુઓનો સમૂહ દર્શાવતા શબ્દ પર /// કરો.

(કેળું, પંખી, માણસ, સભા, વિદ્યાર્થી, ટોળું, સૈનિક, પ્રવાસી, વણજાર, ફૂલ, ભેંસ, ઝૂમખું, વર્ગ, ધણ, કાફલો, ખાંડું, ચાવી, લૂમ, બુકે, વણજારા, સભ્ય, ગાય, ઝુંડ, સૈન્ય, બંડલ, ભારી, મૂડી)

**21** કૌંસમાં સૂચવ્યા મુજબ યોગ્ય ફેરફાર કરી ફકરો ફરીથી લખો.

- ગયા શનિવારે સરિતાબહેન અને જાનકીબહેન રિવરફ્રન્ટ પર ફરવા ગયાં હતાં. ત્યાં તેમણે નવા પ્રકારની સેન્ડવિચ ખાધી. તેમણે સેલ્ફી લીધી અને હોડીહોડના ફોટા પણ પાડ્યા. ('ગયા શનિવારે' – ના બદલે 'આવતા શનિવારે')
- દિગ્વિજય શાંતા પરમારની બધી સૂચનાઓનું પાલન કરશે. તે નવી જગ્યાએ જરા પણ દોડાદોડી નહીં કરે. તે કોઈ જંતુને નુકસાન પહોંચાડશે નહીં. ('...પાલન કરશે' ના બદલે '... પાલન કર્યું.')
- આ વર્ષા બહુ લુચ્ચી છે. હું બોલાવું ત્યારે તો બેનબા આવતાં નથી. હું છત્રી વગર નીકળું ત્યારે જ તે ટપકી પડે છે. ('વર્ષા' ના બદલે 'વરસાદ')
- તું લક્ષ્મણ જેવો ભાઈ બનજે. તું સાથે હોય એટલે તારાં ભાઈ-બહેનને કોઈ ચિંતા જ નહીં. તારા લીધે અઘરામાં અઘરું કામ સહેલું લાગે. ('તું ના બદલે હું')

**22** વાક્યટુકડા યોગ્ય રીતે જોડો.

| | | | |
|---|---|---|---|
| આ કેટલું | સુંદર ફૂલ છે! | બે બિલાડીઓ | "લાવો, ભાગ પાડી આપું." |
| તમને કઈ રમત | તમને કશું કીધું છે! | તેવામાં એક | નાનામોટા કટકા કર્યા. |
| હું આવતીકાલે | કેટલા વાગ્યા છે? | વાંદરાએ કહ્યું, | આખો રોટલો ખાઈ ગયો. |
| અરે! મેં ક્યાં | સાંભળવા ગમે છે. | તેણે રોટલાના બે | એક રોટલા માટે ઝઘડતી હતી. |
| ઑફિસની ઘડિયાળમાં | રમવા આવી શકીશ નહિ. | ભાગ સરખો કરવાના બહાને | મોટા કટકાનો ટુકડો કરી તેમાંથી પોતે ખાઈ ગયો. |
| મને જોક્સ | રમવાની મજા પડે? | એમ કરીને વાંદરો | વાંદરો આવ્યો. |

 મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 23 શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

**ઉદાહરણ :** ઈનામ - ખુશ - તેથી : જનકને ઈનામ મળ્યું તેથી તે ખુશ છે.

- મીના - ટીના - અને
- કારણ કે - ગરમી - પંખો
- છતાં - તાવ - પરીક્ષા
- ચિત્ર - પણ - કાગળ
- ચિત્ર - પણ - કાગળ
- અમે બધાં - ચઢ્યાં - તોપણ
- તેથી - દૂધ - પર્વત
- રીક્ષા - કે જેથી - સમયસર
- કોઈ કાર્ય થયું અથવા ઘટના બની તે કેમ થયું હશે? કારણ સાથેનું વાક્ય બનાવો.
- તુટ્યું - ભાગ્યું
- દોડ્યું - પડ્યું
- થાક્યું - સૂતું
- ચોટ્યું - ઉખાડ્યું
- ગરમી - તડકો
- વંદો - ચીસ
- ટીવી - ખૂબ મોંઘું
- મેચ - જીત

## 24 વાક્યમાંનો ખોટો શબ્દ સુધારી સાચું વાક્ય બનાવો.

- અંધારું થઈ ગયેલું. મહેશને વાંચવું હતું એટલે તેણે લાઈટ બંધ કરી.
- ગુલાબજાંબુ જોઈ મારી આંખમાં પાણી આવી ગયું.
- ઘા રૂઝાઈ ગયો ત્યાં હવે ખંજવાળ ચચરે છે.
- આખો દિવસ ચાલ ચાલ કરવાથી હાથ દુઃખે છે.
- ફળફળતા વરસાદથી ધોવાઈને પાંદડાં ચોખ્ખાં થઈ ગયાં.

## 25 સાત-આઠ વાક્યો ઉમેરી વાર્તા પૂરી કરો.

1. એક ગામ હતું. એ ગામમાં એક છોકરો એવો કે જેને નદી બહુ ગમે. નદીકિનારે બેસીને એ વાંસળી વગાડતો. એની વાંસળી સાંભળી આસપાસનાં ખેતરોમાં કામ કરતા લોકો કામ છોડીને દોડી આવતા.
2. લાલપીળું, લીસી પાંખોવાળું એક પતંગિયું ગીતો ગાતું ગાતું હવામાં આમ તેમ ઊડતું હતું.

   *ઝૂમઝૂમ ઝૂમઝૂમ ગાતું ફરતું; ફૂલડે ફૂલડે રૂમઝૂમ કરતું જાણે કે કોઈ ઊડતું ફૂલડું*

   ફિયોનાએ તેને જોયું. એને થયું કે પતંગિયાની સાથે દોસ્તી કરું. તેને તેના વિશે બધું પૂછું ને ખાસ તો એવું પૂછું કે મારે આવી સુંદર પાંખો મેળવવા શું કરવું જોઈએ? એ તો ગઈ બારમાસીના છોડ પાસે. ત્યાં આવ્યું ઊડતું ઊડતું ગાતું ગાતું પતંગિયું...
3. એક મોટું તળાવ હતું. એ તળાવમાં દેડકાં, કરચલાં, જાતજાતનાં માછલાં રહેતાં હતાં. તળાવને કિનારે ખાખરો, સાગ, આમળાં વગેરેનાં વૃક્ષો હતાં. વૃક્ષો પર કબૂતર, કોયલ, કાગડા, દરજીડા, સુઘરી, પીળક, લક્કડખોદ અને બુલબુલ જેવાં પક્ષીઓ રહે.

   એ દિવસે દેડકાભાઈનો જન્મદિવસ હતો. એમણે પોતાના બધા જ મિત્રોને આમંત્રણ આપ્યું. પણ...
4. એક હતી બારી. બારીમાં બેઠો છોકરો. છોકરાનું નામ ............ છોકરાને બારી ખૂબ ગમે. બારી છોકરા માટે બહારથી પવનને લાવે, ગંધ સુગંધને લાવે. બહારથી પંખીઓના કલરવને.......... ના કાન સુધી લાવે. એનો ભાઈબંધ રમવા માટે એને બોલાવે ત્યારે પણ ફરી બારીની બહાર જ ઊભો રહે. એક રાત્રે છોકરો બારી બહાર જોઈ રહ્યો હતો. ત્યાં જ એને કોઈનો પડછાયો દેખાયો. એણે આગળ નજર દોડાવીને જોયું કે...



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 26 મસ્ત વાર્તા બનાવો. ઘરના લોકો/મિત્રોને કહો. ડિસ્પ્લેબોર્ડ પર મૂકો.

- તમને એક મોટું માછલું ગળી ગયું છે. તમે તેના પેટમાં રહી દૂર દરિયામાં ફરી શક્યા. માછલાનું પેટ એવું છે કે જેની આરપાર જોઈ શકાય – તમે શું જોયું? તમને કેવું લાગ્યું? પછી શું થયું?
- ટાઈમ મશીનમાં બેસીને તમે એ સમયમાં પહોંચી ગયા જ્યારે તમારા મમ્મી/પપ્પા તમારી જેટલા હતા. તમે એમના દોસ્ત બની ગયા. તમે કઈ કઈ રમતો રમ્યા? ભણવામાં તમે એકબીજાને શી મદદ કરી? તમે શી વાતો કરી?
- એક ગુંડો લોકોને હેરાન કરે છે. તમે એટલા નાનકડા છો કે ગુંડાના શર્ટના ખિસ્સામાં બેસી શકો. આ ગુંડાને હેરાન કરવા કે પોલીસમાં પકડાવી દેવા તમે શું કરશો?

## 27 આ ઘટના બનતાં પહેલાં શું થયું હશે અને તે પછી શું થશે? તે વિશે ઓછામાં ઓછાં બે-બે વાક્યો લખો.

- સ્મિતા એકદમ ચીસાચીસ કરવા માંડી. • નિશાળનાં બધાં બાળકો શાળાનો કોટ કૂદીને ભાગ્યાં.
- મારા પપ્પા મને મારવા જતા હતા ત્યાં જ મારા શિક્ષક આવ્યા.

## 28 શું લખ્યું છે? વાંચો અને સુલેખન કરો.

1. [illegible]
2. [illegible]
3. [illegible]
4. [illegible]
5. [illegible]
6. [illegible]
7. [illegible]
8. [illegible]
9. [illegible]
10. [illegible]

## 29 ચાર-પાંચ વાક્યમાં જવાબ આપો.

- સુહાની મેળામાં ગઈ હતી. ત્યાં ફુગ્ગાવાળાને ફુગ્ગાઓ ઘસી તેમાંથી અવાજ કરતા જોઈ તેને ખૂબ અચરજ થયું. તમને મેળામાં ક્યાં ક્યાં અચરજ થાય? કોઈ પણ ચાર અચરજ વિશે લખો.
- સામા પટેલને વૃક્ષોની જાળવણી કરવી ખૂબ ગમતી. તમે પણ આવાં વૃક્ષોની જાળવણી કરતા માણસ વિશે જાણતા જ હશો. તેમના વિશે ચાર-પાંચ વાક્યનો ફકરો લખો.
- દિગ્વિજય અભિમાની છે અને બીજા કોઈની દરકાર રાખતો નથી. તમે વાંચેલી બીજી કોઈ વાર્તા/જોયેલી ફિલ્મ, નાટક કે સિરિયલમાં તેના જેવા માણસ વિશે ચાર-પાંચ વાક્યમાં ફકરો લખો.
- ચંદુ અને તેનો મિત્ર જેમ દાદાનાં ચશ્માં, પપ્પાની લુંગી વગેરે ભેગું કરી ફિલ્મ જોવાનું રમતા હતા, તે રીતે તમે અને તમારા મિત્રો કઈ રમત રમો છો? તે રમત વિશે ચાર-પાંચ વાક્યમાં ફકરો લખો.

## 30 આ જોક વાંચો. તમને તો હસવું આવ્યું પણ તમારો મિત્ર ગગો આ જોક સાંભળી હસતો નથી. તેને શું સમજાય તો હસવું આવે? યોગ્ય વિકલ્પ સામે ✓ કરો.

પંકજ : હેલ્લો રાકેશ, આપણે કાલે સવારે બગીચામાં મળીએ.

રાકેશ : ચોક્કસ, જો હું બગીચામાં પહેલો પહોંચીશ તો દરવાજે લખી દઈશ, ''હું આવી ગયો છું.''



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

પંકજ : ભલે, પણ જો હું પહેલાં પહોંચીશ તો એ લખેલું ભૂસી નાખીશ.

અ. રાકેશના લખતાં પહેલાં પંકજ કઈ રીતે ભૂંસે?

બ. પંકજ વહેલો પહોંચે ત્યારે ત્યાં અગાઉથી રાકેશે લખેલું હશે?

ક. દરવાજે જે કાંઈ લખેલું હશે, પંકજ ભૂંસી નાંખશે.

**31** **~~કૌંસમાં~~ [કસમ] આપેલા અક્ષરના આધારે શબ્દ બનાવી ખાલી જગ્યા પૂરો.**

1. જે ~~કામ~~ [કમ]માં પાવરધા થવું ~~હોય~~ [ઓય] તે કામનો નિયમિત ________ કરવો પડે. (મહવર)
2. એકાદ મેચમાં ~~હારી~~ [હરી] જવાથી ________ થઈ જવાની જરૂર નથી, ફરી વધુ ~~તૈયારી~~ [તયર] કરી રમવા જવું. (ગમગન)
3. ટીકુ વાંચવામાં એવી ________ હતી કે ~~તેને~~ [તન] કોઈનોય ~~અવાજ~~ [અવજ] ન સંભળાયો. (મશગલ)
4. પર્વતના ________ પરથી તળેટીનાં વૃક્ષો તો ~~નાનાં~~ [નન.] ~~નાનાં~~ [નન.] છોડ જેવા દેખાતાં ~~હતાં~~ [હત.]. (શખર)
5. ~~શાળા~~ [શળ]ના મેદાનમાં ~~સાપ~~ [સપ] જોઈને બાળકો ________ થઈને ~~સાહેબ~~ [સહબ] પાસે ~~દોડી~~ [દડી] ગયાં. (હફળફફળ)

**32** **‘અચરજ’ શબ્દના અક્ષરોનો ઉપયોગ કરી બીજા ત્રણ શબ્દ બનાવો. (તમે સ્વરચિહ્નો બદલી શકશો.) તેમાંથી કોઈ એકનો વાક્યમાં ઉપયોગ કરો.**

**જેમ કે :**

**શબ્દ :** રામકહાણી **નવા શબ્દ :** રાણી, કહેણ, કમર **વાક્ય :**રીંછે સિંહને મધ ખાવા આવવાનું <u>કહેણ</u> મોકલ્યું.

**33** **વાંચો અને સૂચવ્યા મુજબ કરો.**

- મોહનલાલ નવો નક્કોર મોબાઈલ લઈને મેચ જોવા ગયા. મોકો જોઈ એક ચોર તેમના ઉપરના ખિસ્સામાંથી મોબાઈલ તફડાવી ભીડમાં છૂ થઈ ગયો. મોહનલાલે દોડાદોડ કરી શોધ્યો પણ તે દેખાયો જ નહિ.

1. ‘છૂ થઈ જવું’ એટલે શું?
2. ‘છૂ થઈ જવું’ શબ્દસમૂહનો વાક્યમાં ઉપયોગ કરો.

- મામાએ અમને કહ્યું, ‘‘ધોધમાર વરસાદ પડે છે અને નદીમાં પાણી પણ ખૂબ આવ્યું છે. આટલા બધા પાણીમાં નદીની પેલે પાર જવાશે નહિ. હવે તો બે-ત્રણ દિવસમાં પાણી ઓસરી જાય પછી જ ઘરે જજો.’’

1. ‘ઓસરી જવું’ એટલે શું?
2. ચોમાસામાં ખૂબ વરસાદ પડતાં જ ગામના બધા કૂવામાં પાણી ઓસરી ગયાં. (આ વાક્યમાં શું ભૂલ છે તે લખો.)

**34** **આપેલા મુદ્દાઓનો ઉપયોગ કરી નિબંધ લખો.**

1. રમતનું મેદાન :

   મહત્ત્વ - સાધન-સુવિધા - રમતો - કસરત - શરીર અને મનની તંદુરસ્તી - ખુશી - લાભ

2. મને ગમતો તહેવાર : વિવિધ તહેવારો - મહત્ત્વ - ગમતો તહેવાર - ગમવાનું કારણ - ખાણીપીણી - ઊજવવાની રીત - મજા આવવી



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

35 શબ્દચાવી સમજો. કોષ્ટકમાંથી તે શબ્દ શોધી તેના ફરતે ○ કરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| પાં | દ | ડું | કં | લ | ચી |
| લી | ટ | ગ | ભ | રા | વું |
| સ્પી | ક | ર | વા | ત | પા |
| જો | દા | મ | બા | પ | ડું |
| નું | વ | હા | ણ | દ | ગ |
| કે | ર | સૈ | થ | ફે | ળી |

- **આડી ચાવી**
- 
- ડરવું, બીવું
- 
- ગરીબ, રાંકડું, દયામણું
- ______________

- **ઊભી ચાવી**
- 
- મજબૂત અને મોટા કદવાળું
- ______________
- ______________

●●●



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in